# ધનસુરામાં ગેસ સિલીન્ડરના કાળાબજારનું કૌભાંડ ઝડપાયુ

મોડાસા, તા. ૧૦

અરવલ્લી જીલ્લા માં છેલ્લા કેટલાય સમય થી ગેસ એજન્સીઓ ધ્વારા બારોબારન વેચી મારવાની અને પોતાના ગ્રાહકો ધ્વારા આ બાબાતે ઉચ્ચ કક્ષાએ રજુઆત કરવામાં આવી હતી જે અંગે પુરવઠા વિભાગ મોડાસા નજી ટીમ ધ્વારા વોચ ગોઠવવામાં આવી હતી.



ખીસ્સા ભરી ને બાટલાની અછત ઉભી કરવામાં આવતી હતી અને જરૂરીયાત મંદ ગ્રાહકોને પોતાનો નબર આવી ગયો હોવા છતા પણ બાટલા ટાઈમસર મળતા હતા ત્યારે છેલલા કેટલાય સમય થી આ ધંધા ના કારણે ગેસ ની એજન્સી ધરાવતા માલીકો ને રાતોરાત ઘી કેળા થઈ ગયા હતા જયારે ગ્રાહકો ને રાતે પાણી રોવાનો વારો આવતો હતો ત્યારે આ બાબતે કેટલાક જાગૃત

અરવલલી જીલલા ના ધનસુરા ગામે આવેલી ઉમીયા સેલ્સ કોર્પોરેશન નામની ખાતર ની દુકાન ધરાવતા દુકાન માલીક ધ્વારા કોઈક એજન્સી માલીક જોડે સાંઠગાઠ કરી ને ધનસુરા ખાતુ ઈન્ડીયન ગેસ કંપની ના બાટલા લાવી ને ઉચા ભાવે બે નંબર માં વેચવામાં આવતા હતા જે અંગુ આજે અરવલ્લી જીલ્લા પુરવઠા આધિકારી ની ટીમ ધ્વારા ઓચિતી રેડ કરતાં આ દુકાન ના ગોડાઉન માં થી અધધધ કહી શકાય એટલા ઈન્ડીયન કંપની ના ૫૦ જેટલા ગેરકારયદેસર બાટલા મળી આવતા ખુદ પુરવઠા વિભાગની ટીમ ના અધીકારીઓ પણ આટલો મોટો બાટલાનો જથ્થો જોઈ ચોકી ઉઠયા હતા ત્યારે આ અંગે

## ઉમિયા કોર્પોરેશનમાંથી સરકારી સબસીડીવાળા સિલીન્ડર બારોબાર બે નંબરમાં વેચાતા હતા

નાયબ પુરવઠા મામલતદાર અગરસિંહ ચૌહાણ તેમજ કે એન તરાર આ બન્ને અધિકારીઓ ની ટીમ ધ્વારા તમામ ૫૦ બાટલા માંથી ૩૬ બાટલા ભરેલા અને ૧૩ બાટલા ખાલી ઝડપી પાડયા હતા અને તમામ બાટલા ને ધનસુરા ખાતે આવેલી એચ પી ગેસ એજન્સી માં સીઝ કરી ને મોકલી દેવામાં આવ્યા હતા ત્યારે આ અંગે અધિકારી ઓ ને પુછતા તેમણે જણાવ્યુ હતુ કે આ દુકાનદારો કેટલાય સમય થી ગેરકાયદેસરરીતુે હઅ સરકાર ની સબસીડી વાળા બાટલા ને ઉંચી કીમત લઈ ને ગ્રાહકો ને ઉચા ભાવે વેચી ને રાતોરાત કરોડપતી થઈ જવાનો માસ્ટર પ્લાન ઘડયો હતો પરંતુ કહેવત છે ને કે પાપ છાપરુ ચડી ને



પોકારે છે તેમ આ કાળો બજાર પુરવઠા અધિકારીઓ ના હાથે ઝડપાઈ ગયો હાલ પુરવઠા વિભાગ ધ્વારા આ લોકો કેટલા સમય થી આ વેપાર કરતા હતા તેમજ આ બાટલા કયાંથસી આવ્યા છે તેની તપાસ માં લાગી ગયુ છે હવે આગામી સમય જ બતાવશે કે આ લાલ બાટલા ના કાળા બજાર માં મુખ્ય સુત્રધાર કોણ છે કે પછી આ કેસ પૈસા ના જોરે ફાઈલો માં જ રહી જશે તેતો આવનારો સમય જ બતાવશે.

કેન્દ્ર સરકાર ધ્વારા ગ્રાહકો ને ગેસ ના બાટલા સબસીડી થી આપવામાં આવી રહયા છે ત્યારે આ રીતે આ કાળાબજારીયાઓ ધ્વારા આમ સરકાર ની સબસીડી વાળા બાટલાજ બ્લેક માં વેચવામાં આવે તો જનતા ના હાલ જાયે તો જાયે કહા જેવો થાય છે જો અધિકારીઓ આ કાળાબજાર ની ઝડ સુધી જવામાં આવે તો આ દુકાનદારો તો માત્ર પ્યાદુ છે હજી આમામોટા માથા ના નામ ખુલે તેવી લોકમુખે ચૃચાઓ એ જોર પકડયુ છે.

### અરવલ્લી જીલ્લામાં ગેરકાયદેસર રીતે એલ.પી.જી ગેસ પુરવાનો ચાલતો મસમોટો કારોબાર

અરવલલી જીલ્લા ના ધનસુરા ખાતે આજરોજ એલપીજી ગેસ સીલીન્ડર ને બ્લેક માં વેચવાનુ મસમોટુ કૌભાડ ઝડપી પાડવામાં આવ્યુ હતુ ત્યારે આટલી મોટી માત્રા માં બે નંબર ગેસ ના બાટલાનો નો જથ્થો ઝડપાતા અધિકારીઓ પણ ચોકી ઉઠયા હતા જયારે અરવલ્લી જીલ્લા માં હાલ વાહનો માં ઘરેલુ ઉપયોગ લેવાતા સીલીન્ડર માં થી ગેસ પુરી આપવાનો મસમોટો કારોબાર વગર પરવાનગીએ ધમધમી રહયો છે ત્યારે અધિકારીઓ ધ્વારાઆ અંગે તપાસ કરવામાં આવે તો મસમોટુ કૌભાડ બહારઆવે તેમ છે.

## મહાવીરનગરમાં વાહન સાથે વાહન અડતા બે યુવકોને માર માર્યો

હિંમતનગર, તા. ૧૦

હિંમતાનાગરના મહાવીરનગરમાં પૂર્ણિમા ડેરી પાસે મંગળવારે સાંજના સુમારે વાહન અડવાની બાબતમાં બે યુવાનોએ ડેરી પર મોપેડ લઈ દહીં લેવા આવનાર બે યુવાનોને ગડદાપાટુનો માર મારી જાનથી મારવાની ધમકીઓ આપતા મામલો ગરમાયો હતો. જે અંગે યુવકના કાકાએ માર મારનાર બંને યુવકો વિરૂદ્ધ એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર મહાવીરનગરના ગોકુલનગરમાં રહેતા વિનોદકુમાર બાબુલાલ વ્યાસનો ભત્રીજો અર્પિત તેના મિત્ર જય સાથે મોપેડ પર મંગળવારે સાંજના સુમારે દહી લેવા પૂર્ણિમા ડેરી ગયા હતા. તે દરમિયાન ડેરી આગળ બેઠેલા દક્ષાબેન શાહનો દિકરો બન્ટી અને અન્ય એક દાઢીવાળો યુવાન બુલેટ સાથે બેઠા હતા. ત્યારે અર્પિતનું મોપેડ સાધારણ બુલેટને અડકી જતા તેણે માફી માંગી હતી. પરંતુ બુલેટ સાથે બેઠેલા યુવકોએ અર્પિત તેમજ જયને ગડદાપાટુનો માર મારી જાનથી મારવાની ધમકીઓ આપતા મામલો ગરમાયો હતો. જેથી અર્પિતના કાકા વિનોદકુમાર વ્યાસને બુધવારે હિંમતનગર એ ડિવીઝન પોલીસ સ્ટેશનમાં દક્ષાબેન શાહના પુત્ર બન્ટી તેમજ દાઢીવાળા ૨૨ વર્ષીય યુવક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દર્જ કર્યો હતો.

## વૃદ્ધ સહાયના નામે નાણાં ખંખેરતો હાપાનો શખ્સ ઝડપાયો

હિંમતનગર, તા. ૧૦

હિંમતનગરમાં બહુમાળી ભવન કેમ્પસમાં આવેલી મામલતદાર કચેરી નજીકથી બુધવારે વૃદ્ધ સહાય પેટે એક ઈસમ પાસેથી સરકારમાં પૈસા ભરવાની વાત કહી રૂ. ૭૫૦ મેળવી નિઃસહાય લોકો પાસેથી નાણાં ખંખેરતા હાપાના એક શખ્સને રંગેહાથ ઝડપી લીધો હતો. મામલતદાર કચેરીના સર્કલે આ અંગે હાપાના શખ્સ વિરૂદ્ધ હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તેની અટક કરી ઠગાઈનો ગુનો દર્જ કરી લીધો હતો.

ઠગાઈના મામલે હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગત અનુસાર હિંમતનગર તાલુકાના હાપા ગામમાં રહેતા જાલમસિંહ કેશરીસિંહ રાઠોડે બુધવારે બાદરસંગજી કુંભાજી ઠાકોરને સરકાર દ્વારા વૃદ્ધોને સહાય પેટે રૂ. ૫ હજારની સહાય મળે છે તેવી લાલચ આપી હતી અને બુધવારે સવારે ઓફિસ શરૂ થવાના સમય દરમિયાન સહાય મેળવવા માટે સરકારમાં રૂ. ૭૫૦ ભરવા પડશે તેવું જાલમસિંહે બાદરસંગને જણાવી નાણાં મેળવ્યા હતા.

વૃદ્ધોને અપાતી સહાય પેટે નાણાં લેવાતા હોવાની વાતની મામલતદાર કચેરીના સર્કલને જાણ થતાં સર્કલ રમેશચંદ્ર જય પટેલે હાપાના શખ્સને રંગેહાથ ઝડપી લઈ બી-ડીવીઝન પોલીસ હવાલે કર્યો હતો. બી-ડીવીઝન પોલીસે સર્કલની ફરિયાદ આધારે હાપાના જાલમસિંહ કેશરીસિંહ રાઠોડ વિરૂદ્ધ ઠગાઈનો ગુનો દર્જ કરી લઈ વધુ તપાસ હાથ ધરી છે.





## પ્રાંતિજ ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે એચ.ડી.એફ.સી. બેન્ક તથા જાયન્ટ ગૃપ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રક્તદાતાઓએ રક્તદાન કર્યું હતું. પ્રાંતિજ એપ્રોચ રોડ ઉપર આવેલ એચ.ડી.એફ.સી. બેન્કમાં ગુરૂવારના રોજ બેન્કમાં બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યારે આ પ્રસંગે કેમ્પના આયોજક તેજસભાઈ વ્યાસ તથા વજેશભાઈ ભાવસાર દ્વારા ડૉ. આર.કે. પટેલ, ડૉ. એન.કે. ડેરિયા તથા બેન્ક મેનેજર તથા આવનાર મહેમાનોનું ટીમવતી ફૂલછડી આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. જ્યારે રક્તદાતાઓ દ્વારા ૩૦થી પણ વધારે બોટલ રક્તદાન કર્યું હતું.

## ધાનેરા નગરપાલિકામાં મહિલા પ્રમુખના 'પતિ' વહીવટમાં રચ્યા પચ્યા રહેતા પ્રજામાં આક્રોશ

ધાનેરા, તા. ૧૦

રાજ્ય સરકાર દ્વારા સ્થાનિક સ્વરાજ્ય સંસ્થામાં મેયર, નગરપાલિકા પ્રમુખ, જિલ્લા પંચાયત પ્રમુખ કે સરપંચ પદે મહિલા હોય ત્યારે ઓછુ ભણેલા કે અભણ મહિલા પ્રમુખના પતિ મહાશય જ પડદા પાછળ સમગ્ર વહીવટ સંભાળતા હોય છે. તેવી અનેક ફરિયાદો વારંવાર ઉઠવા પામી છે. ત્યારે આવી જ વધુ એક ફરિયાદ ધાનેરા નગરપાલિકામાં પણ ઉઠવા પામી છે. આથી પ્રજામાં આ મામલે આક્રોશ ફેલાયો છે.

બનાસકાંઠા જિલ્લાની ધાનેરા નગરપાલિકામાં હાલ મહિલા પ્રમુખ સત્તાના સ્થાને કાર્યરત છે. ધાનેરા નગરપાલિકાના પ્રમુખ આશાબેન પટેલના પતિ મહાશય કચેરીના સમય દરમિયાન અને તે સિવાય ફિલ્ડમાં પણ સમગ્ર વહીવટમાં ભારે રચ્યા-પચ્યા રહે છે. નગરપાલિકા કચેરીમાં કોઈપણ અરજદાર પોતાની ફરિયાદ લઈને આવે છે તો પોતે જ મહિલા પ્રમુખના પતિ મહાશય પ્રમુખ હોય તેમ જવાબો આપી ફરિયાદો સાંભળી રોફ જમાવી રહ્યા છે. પરિણામે સ્થાનિકોમાં મહિલા પ્રમુખના પતિની આ પ્રકારની પ્રવૃત્તિ સામે આક્રોશ જોવા મળ્યો છે. અને મહિલા પ્રમુખના પતિ મહાશયના આ વર્તન અંગે સરકારી તંત્ર પગલા ભરે તેવો ગણગણાટ પણ થવા લાગ્યો છે.




ખેડબ્રહ્મા, તા. ૧૦

ખેડબ્રહ્મા તાલુકાના ઉંચીધનાલ ગામમાં રસ્તા ઉપરથી વહેતા ગંદા પાણીથી લોકો હાડમારી ભોગવી રહ્યા છે ત્યારે ગામમાં કેટલાક વિસ્તારોમાં પીવાનું પાણી પુરૂ પાડવામાં ભેદભાવ રાખવામાં આવતી હોવાના આક્ષેપ કરવામાં આવી રહ્યા છે. ગામમાંથી ગંદકી દૂર કરી પીવાનું પાણી નિયમિત આપવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

ઉંચીધનાલ ગામના ડાહ્યાભાઈ માધુભાઈ પટેલ, સુરેશભાઈ ફલજીભાઈ પટેલ, મેહુલકુમાર રામાભાઈ પટેલ, ફલજીભાઈ સવજીભાઈ પટેલ તથા દેવાભાઈ માધુભાઈ પટેલના જણાવ્યા અનુસાર પંચાયતના અણઘડ વહીવટના કારણે લોકો ગંદકી તથા પાણીની સમસ્યાનો સામનો કરી રહ્યા છે. ગામના મુખ્ય રસ્તા ઉપર વહેતા ગંદા પાણીથી ગામ લોકો ત્રાહીમામ પોકારી ગયા છે. આ મુખ્ય રસ્તા ઉપર, મંદિર દૂધ અને સેવા મંડળીઓ, બેંક, પંચાયત તથા પટેલ સમાજવાડી આવેલી છે. રસ્તા ઉપર ઠેર ઠેર ભરાયેલા ગંદા પાણીથી લોકો પરેશાન છે. ગામમાં ગંદકીના કારણે રોગચાળો ફેલાવાની વકી છે. પીવાનું પાણી નિયમિત આપવામાં આવતુ નથી અને પીવાનું પાણી આપવામાં ભેદભાવ રાખવામાં આવતો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. પાણીના અમુક વિસ્તારમાં ત્રણ ચાર દિવસ પાણી આપવામાં આવે છે જ્યારે કેટલાક વિસ્તારમાં પાણી પુરૂ પાડવામાં જ આવતુ નથી. વોટર વર્કસની મેઈન લાઈનમાં લીકેજ હોવાથી ગંદુ પાણી આ લાઈનમાં ભળતુ હોવાનું લોકો જણાવી રહ્યા છે.

## ખેડબ્રહ્મામાં ગેરકાયદેસર ધમધમી રહેલ ખાણીપીણી બજાર વિરૂદ્ધ ઓનલાઈન સ્વાગતમાં ફરિયાદ

ખેડબ્રહ્મા, તા. ૧૦

ખેડબ્રહ્મા શહેરમાં દિન પ્રતિદિન રોજ નવા નવા ખાણીપીણીવાળા બજારમાં ઉતરી પડે છે અને ચોખ્ખાઈ રાખવામાં ન આવતી હોવાના કારણે શહેરીજનો પર રોગચાળાનો ભય તોળાઈ રહ્યો છે.

આ બાબતને લઈ ખેડબ્રહ્મા શહેરના રહીશ દેવાંગ અરવિંદભાઈ પટેલે વારંવાર નગરપાલીકા, મામલતદાર અને આરોગ્ય અધિકારીને અનેક રજુઆતો કરી આ લાયસન્સ વગર ધમધમી રહેલા ખાણીપીણી બજાર વિરૂદ્ધ કાર્યવાહી માટે અરજ કરેલ પણ તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નહી. દેવાંગ પટેલે કરેલ ઓનલાઈન સ્વાગત કાર્યક્રમની અરજીમાં નગરપાલીકા વિસ્તારમાં ચાલતા આહારગૃહ, નાસ્તા હાઉસ, લોજ, તેમજ નોનવેજ લોજો પરવાના વગર ચાલી રહી છે. નોનવેજ લોજવાળા લોકો જાહેરમાં ચાર રસ્તા જેવા વિસ્તારમાં જીવ હત્યા કરતા અને ગંદકી ફેલાવી રહ્યા છે. જેને લઈ સ્થાનીક જીવદયા પ્રેમીઓની લાગણી દુભાઈ રહી છે. આ હોટલો સરકારી કાયદાઓને એસીતેસી કરી ધમધોકાર હોટલો ચલાવવામાં આવી રહી છે અને આવી હોટલો અને નાસ્તા હાઉસમાં સ્વચ્છતાના નામે કોઈ જ પગલા લેવામાં આવતા નથી.

## તલોદ-મજરા માર્ગ પર વાહનની ટક્કરે મહિલાનું મોત

પ્રાંતિજ, તા. ૧૦

પ્રાંતિજ તાલુકા સદાનામુવાડાની મહિલાનું મજરા-તલોદ રોડ ઉપર કોઈ અજાણ્યા ભારે વાહનની ટક્કરથી અકસ્માતમાં મહિલાનું મોત નિપજ્યું હતું. પ્રાંતિજ તાલુકા સદાનામુવાડા ગામની સીમ પાસેથી પસાર થતો તલોદ-મજરા રોડ ઉપર કોઈ અજાણ્યા ભારે વાહન દ્વારા માર્ગની સાઈડમાં પસાર થઈ રહેલ ધનાબેન બળદેવભાઈ રબારી ઉં.વ. ૩૮ને ટક્કર મારતા મહિલાનું ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું.

## ચૂંટણીમાં વિજેતા ઉમેદવારોએ મંદિરોમાં માનતા પુરી કરવા દોડ્યા

મોડાસા, તા. ૧૦

સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓના પરીણામ બાદ વિજેતા ઉમેદવારો જીતની ખુશી સાથે મંદિરોમાં રાખેલી માનવતાઓ પુરી કરવા માટે દોડતા થઈ ગયા છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓના પડઘમ શરૂ થતાની સાથે જ ઉમેદવારના સગા સંબંધીઓ, ટેકેદારોએ, મિત્રોએ પોતાના ઉમેદવારની જીત માટે આકરી માનતાઓ અને બાધાઓ રાખવામાં આવી હતી અને જીત્યા બાદ હાલ માનતાઓ, નિવેધ ચઢાવવાનો માહોલ જામ્યો છે. તાલુકા, નગરપાલિકા, જિલ્લા પંચાયતના ચૂંટાયેલા ઉમેદવારો પોતાની માનતા અને બાધાઓ પૂર્ણ કરવા માટે મંદિરોની લાઈનોમાં ઉભા નજરે ચડે છે. કાર્યકરો પોતાના ગામમાં જીતેલા ઉમેદવારોને બોલાવી પોતાની માનતા પુરી કરાવવામાં વ્યસ્ત છે. ત્યારે હાલ તો વિજેતા બનેલા નેતાઓ પણ હોશે હોશે પોતાના કાર્યકરો અને મતદારોને ખુશ કરવા ગામડાઓમાં માનતા પુરી કરવા દોડી રહ્યા છે. ચૂંટણી બાદ અત્યારે તો ગામડાઓ અને મંદિરોમાં આકરી બાધાઓ પુરી કરવાની આડમાં ધાર્મિક વાતાવરણ ઉભા થયા છે.

## હિંમતનગરમાંથી ૪૮ હજારનો દારૂ પકડાયો

હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાંથી બુધવારે સવારે કારમાં પાસ પરમીટ વિના લઈ જવાતા રૂ. ૪૮ હજારના વિદેશી દારૂના જથ્થા સાથે જઈ રહેલા ત્રણ શખ્સો પૈકી પોલીસે એક શખ્સની દારૂના જથ્થા સાથે ઝડપી લીધો હતો. હિંમતનગરના મોતીપુરા સર્કલ પાસેથી બુધવારે સવારના સુમારે કાર નં. ડીડી.૦૩.જી.૦૧૭૩માં પાસ પરમીટ વિનાનો દારૂ લઈ જવાઈ રહ્યો હોવાની એ-ડીવીઝન પોલીસ સ્ટેશનના પી.આઈ. ડી.વી. ડોડીયાને જાણ થતાં તેમણે વાહન ચેકીંગ દરમિયાન શકમંદ કારને ઝડપી લીધી હતી. ત્યારબાદ તેમાં તપાસ કરતા રૂ. ૪૮ હજારની કિંમતનો વિદેશી દારૂ મળી આવ્યા હતો.

## રાયગઢ બસ સ્ટેન્ડ નજીક રાહદારીને ટ્રકે અડફેટે લેતા કમકમાટીભર્યુ મોત

મોડાસા, તા. ૧૦

અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે નં. ૮ પર આવેલા સાબરકાંઠા જિલ્લાના રાયગઢ ગામના બસસ્ટેન્ડ નજીક હાઈવે પરથી પસાર થતા ગામના જ વ્યક્તિને ગુરૂવારે સવારે ૭ વાગ્યાની આસપાસ જોરદાર ટક્કર મારતાં રાહદારીના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. ટ્રકચાલક ટક્કર મારી નાસી છુટ્યો હતો. અકસ્માતના પગલે દોડી આવેલી ગાંભોઈ પોલીસે અકસ્માતે મોતનો ગુન્હો નોંધી ટ્રક અને તેના ચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

સાબરકાંઠાના નેશનલ નં. ૮ પર આવેલા રાયગઢ ગામ નજીક ગુરૂવારે સવારે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં ગામના જ વ્યક્તિનું ટ્રકની અડફેટે મોત નિપજતાં રાયગઢ પંથકમાં શોકની લાગણી ફેલાઈ હતી. રાયગઢ ગામમાં રહેતા કડીયા કામનો વ્યવસાય કરતા જીતેન્દ્રભાઈ કાંતિભાઈ ભોઈ (રહે. રામદેવપીર મંદિર પાસે રાયગઢ) કામકાજ અર્થે આજે વહેલી સવારે નીકળ્યો હતો. અને ગામના બસસ્ટેન્ડ નજીક



હાઈવે નં. ૮ ર રસ્તો ઓળંગવા જતા શામળાજી તરફથી આવતી ટ્રક (ગાડી નં. ૮૬૪૧ સીરીઝ ખબર નથી)ના ચાલકે પોતાની કબજાની ટ્રક ગફલતભરી રીતે હંકારી પુરઝડપે રાહદારીને ટક્કર મારી દેતા શરીરના ભાગે ઈજાઓ પહોંચતા કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું.

અકસ્માતના પગલે દોડી આવેલા લોકો કંઈ સમજે તે પહેલા ટ્રકનો ચાલક ટ્રક હંકારી મુકી ફરાર થઈ ગયો હતો. દોડી આવેલા લોકોના જણાવ્યા મુજબ ટ્રક નં. જોવાયો હતો પણ શિયાળાના ધુમ્મસના લીધે સીરીઝ નંબર જોવાયો ન હતો. અકસ્માતમાં રાયગઢના રાહદારીનું મોત નિપજતાં રાયગઢ ગામના મનિષભાઈ ચીમનભાઈ ભોઈએ આ ઘટના અંગે ગાંભોઈ પોલીસને જાણ કરતા તાબડતોડ ઘટનાસ્થળે દોડી આવી મૃતકની મૃતદેહને પી.એમ. માટે મોકલી આપી અકસ્માત મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી. ગુરૂવારે સવારે અકસ્માતના પગલે ટ્રાફિકજામના દશ્યો સર્જાયા હતા.